# કોલાબા – સિપ્ઝ મેટ્રોની જવાબદારી દિલ્હી મેટ્રોને સોંપાઈઃ ચલાવવાનું અને જાળવણીનું કામ ડીએમઆરસી કરશે

મુંબઈઃ મુંબઈની પ્રથમ પૂર્ણપણે ભૂગર્ભમાં દોડનારી કોલાબા – વાંદરા – સિપ્ઝ મેટ્રો લાઈન ૩ ચલાવવાની અને જાળવણીની જવાબદારી મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન (એમએમઆરસી) દ્વારા શુક્રવારે દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશન (ડીએમઆરસી)ને સોંપવામાં આવી હતી. એમએમઆરસીના પરિપત્રમાં જણાવ્યા અનુસાર આંતરરાષ્ટ્રીય સ્તરની બિડિંગ પ્રોસેસ (હરાજીની પદ્ધતિ)થી આ જવાબદારી ૧૦ વર્ષ માટે આપવામાં આવી છે.

આ મેટ્રો લાઈનની દૈનિક ગતિવિધિઓની જવાબદારી ડીએમઆરસીની રહેશે જેમાં ઓપરેશન કંટ્રોલ સેન્ટર, ડેપો કંટ્રોલ સેન્ટરને કાર્યરત રાખવા, સ્ટેશનની જાળવણી કરવી, ટ્રેન દોડાવવી તેમજ એની જાળવણી કરવી તેમજ મેટ્રો સિસ્ટમને લગતી બધી ગતિવિધિઓ પર દેખરેખ રાખવી અને પ્રવાસીઓની સુરક્ષા જેવી બાબતોનો સમાવેશ થાય છે, એમ પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે. દરમિયાન ભારતમાં મેટ્રો રેલ સેક્ટરમાં સૌથી પહેલું કામ ડીએમઆરસીએ કર્યું છે. તેની પાસે બે દાયકાથી વધુ સમય દિલ્હી મેટ્રો ચલાવવાનો અનુભવ છે. (પીટીઆઈ)